SAMVAD E-JOURNAL
ISSN : 2583-8334
(International Peer-Reviewed Refereed Journal)
Volume 3, Issue-1, Special Issue-January: 2025
Published by Rangmati Publication http://www.rangmatipublication.com/

# 45. ઉત્તર ગુજરાતનું ભવાઇ લોક દર્શન

*પ્રજાપતિ કિંજલ કુમાર આર*


- **સારાંશ**

લોકસાહિત્યની જેમ લોકનાટ્ય 'ભવાઈ' એ ગુજરાતની નીપજ છે. તેનાથી ગુજરાતમાં પરંપરાગત સંસ્કૃતિ સજીવ રૂપે સાર્વત્રિક જોવા મળે છે. જે લોકનાટ્ય દ્વારા જીવંતતા દેખાઈ આવે છે. ભૂતકાળના વારસા રૂપે જે સભ્યતા- સંસ્કારિતા અને આદર્શ જીવન શૈલીના દર્શન આપણે આ લોકનાટ્ય દ્વારા કરીએ છીએ. જે પરંપરાગત રંગભૂમિ પર ભજવાય છે.

સોલંકીયુગમાં તો અહીં સંસ્કૃત નાટકો લખાતાં હતાં. અને ભજવાતા પણ હતાં.પણ ધીરે ધીરે તેનું પતન થવા લાગ્યું અને ત્યારે ઉત્તર ગુજરાતમાં આ લોકનાટ્ય ભવાઈનું સ્વરૂપ ઉદભવ્યું.

ભવાઈના ઉદ્‌ભવની કળા એવી છે કે નરસિંહ પહેલા થઈ ગયેલા અસાઈત ઠાકર ભવાઈના 'આદિપુરુષ' ભવાઈઓ છે. અસાઈતે ઊંઝામાં હેમાડા પટેલની પુત્રી ગંગાને પોતાની પુત્રી કહી અને તેની સાથે એક જ ભાણે જમી, મુસ્લિમ સરદાર પાસેથી તેને છોડાવી લાવવાનું પુણ્ય તો કર્યું પણ એના બદલામાં તેને પટેલ તે પોતે બ્રાહ્મણ એટલે આભડછેટના ગુનામાં તેને તેના જ સમાજના બ્રાહ્મણોએ અસાઈતને નાત બહાર મૂક્યો. તેના ત્રણ ઘર એટલે 'તરગાળા' તરીકે ઓળખાયા. આ બ્રાહ્મણ માં તરગાળા, ભવાઈયા, નાયક, ભોજક કોમે ભવાઇનો વ્યવસાય સ્વીકારી લીધો. એવું કહેવામાં આવે છે કે અસાઇતે ૩૬૦ જેટલા વેશો ભજવ્યા છે. પછી ભવાઈ સહિયારું નાટ્યસર્જન થઈ ગયું. આમેય ભવાઈ મૌખિક કે કથ્ય સ્વરૂપ તો હતું જ. ભવાઈઓએ સુજ્યાં તેમ વંશ રચ્યાં અને ભજવ્યા પણ. 'ભવાઈ' એટલે માં જગદંબાની ' પૂજા ' માતાજીને કેન્દ્રમાં રાખીને ભવાઈ ભજવાય છે. આજે પણ અંબાજી ખાતે નવરાત્રીમાં ભવાઈ દ્વારા મા અંબાની પૂજા ભક્તિ કરાય છે. આ ભવાઈમાં મુખ્ય પાત્રો પુરુષો જ ભજવે છે. સ્ત્રીના પાત્રો પણ પુરુષો જ ભજવે છે. જેમાં પરંપરાગત પોશાકો,જૂની સંસ્કૃતિ પ્રમાણે ભાતીગળ ભાષા શૈલી જે સ્થાનિક કથાવસ્તુને ધ્યાને લઈને ભજવવામાં આવે છે. તેમાં મુખ્યત્વે ભૂગળ,તબલા, ઢોલ, મંજીરા, પખાજ, ઝાંઝરી અને સારંગી વગેરે જેવા


.

વાજિંત્રો સૂરના તાલે વગાડાય છે. ભવાઈ જ્યાં પણ ભજવવામાં આવે તે ચોકમાં કે ખુલ્લી જગ્યામાં ભજવવામાં આવે છે.

ભવાઈમાં પ્રમુખ કલાકારને 'નાયક'કહે છે. જે વેશોના મુજબ વેશભૂષા અને ચોટદાર સંવાદો, સંગીત, લહેકાથી બોલે છે. પ્રસંગાનુસાર સંવાદો વપરાય છે. જેમાં કલાકારો પ્રસંગ પ્રમાણે સંવાદો બદલતા હોય છે. વચ્ચે વિરામમાં મશ્કરી દ્વારા રમુજ પેદા કરે છે. રંગલો રંગલી જે વિદુષકનું કામ કરે છે. ધાર્મિક વેશો ક્યારેક ભજવવામાં આવે છે. જેમાં 'રામાપીર', 'કાનગોપી', ', 'સાધુ નો વેશ', 'બહુચરાજી','ઉમિયાના વારસ', 'ગણપતિ નો વેશ', 'રામદેવ નો વેશ','શિવ પાર્વતી', 'દશાવતાર','સતી સાવિત્રી', વગેરે જેવા વેશો ભજવવામાં આવે છે. તો ક્યારેક ઐતિહાસિક વેશો પણ ભજવવામાં આવે છે.જેમાં 'જસમા ઓડણ', 'હંસાવલી','લાલજી મણિયાર', 'રાજા દેગણ','રાજા દેગણ', 'રાજદેવ', 'પતાઈ રાવળ',અને 'તેજા'તેમજ સુદામા જેવા વેશો પણ ભજવવામાં આવે છે.જે સામાજિક સ્તરે ભવાઈના વેશો ભજવી સામાજિક દુષણો દૂર કરી સમાજમાં જાગૃતિ ફેલાવે છે.જ્યારે ટી.વી. કે સિનેમા નહોતા ત્યારે આવા પ્રકારના મનોરંજનથી લોકો મજા માણતા અને રાજી થતા હતા. જે વખતે આ ભવાઈઓનો સમાજમાં બહુ મોટો દરજ્જો હતો ને ઊંચું સ્થાન હતું. જ્યારે આજના આધુનિક સમયમાં વિસરાઈ ગયું છે.

ભવાઈ ના ઈતિહાસની વાત કરીએ તો ભવાઈની શરૂઆત સિધ્ધપુરના ઔદિચ્ય સહસ્ત્ર બ્રાહ્મણ કુળમાં જન્મેલા કવિ કથાકાર અસાઈત ઠાકરે કરેલી. ચૌદમી સદીમાં ભવાઈની શરૂઆત થયેલી.જેનાથી નાટકોને પ્રેરણા મળેલી. ભવાઈ ગદ્યની સાથે પદ્યમાં જોવા મળે છે. જેમાં 'રામદેવનો વેશ' જૂનામાં જૂનો વેશ ગણાય છે. જે સામાજિક કુરિવાજો પર સીધા પ્રહારો થતા જોવા મળે છે. બીજો 'કજોડાનો વેશ' જેમાં વર નાનો અને કન્યા મોટી એમ કજોડાનો પણ વેશ જીવનનો ચિતાર રજૂ કરી આપે છે. વચ્ચે વચ્ચે રંગલો જે બે સંવાદો ને જોડીને હસાવે છે.

'ભવાઈ' એ ઉત્તર ગુજરાતની આગવી ઓળખ છે. જેમાં સંગીતની સાથે નૃત્ય પણ જોવા મળે છે. જેમાં તમામ કલાઓનો સમાન સમન્વય પણ જોવા મળે છે. ભવાઈમાં મુખ્ય ધાર્મિકતા અને પૌરાણિકતા તેના મુખ્ય વિષયો છે. જેનાંથી સમાજ સમક્ષ પ્રતિબિંબિત થાય છે. ' ભવાઈ ' ધાર્મિકતાના પાયા પર ભજવાતી વિષયવસ્તુને સમાજ સમક્ષ રજુ કરે છે. જે ' જાતર ' રૂપે ભજવાય છે. આ ભવાઈ 'ભવવહી યા ' ભવવાહી ' છે. એટલે કે ભવ - જીવનને સાથેજ લઈને ચાલનારી નાનકડા દ્રશ્યો દ્વારા સામાજીક અને જાતિગત પદ્યમય સંવાદોને ગીતોવાળી સમાજના ખુલ્લા ચોકમાં ભજવવાની નાટ્ય પ્રવૃત્તિ છે. એમાં ખાસ સંગીત અને નૃત્ય પણ જોવા મળે છે. નવરાત્રી ને અંતે માતાજી સમક્ષ ભવાઈયા ઘૂઘરા બાંધીને ખેલે છે અને 'માતાજીના જાતર' ગામે ગામ મનોરંજન પૂરું પાડે છે. અંતમાં માં જગદંબાની આગળ જ સ્તુતિ કરી ને ઘૂઘરા છોડતા હોય છે. ભવાઈ ના જુદા જુદા વેશોમાં તે ' મેના ગુર્જરી ', ઝંડા ઝૂલણ', 'પૂરખિયો', 'જોષી વાણિયો', 'વાઘરી', 'મિયાં ', એવા સામાજિક વેશો પણ ભજવવામાં આવે છે અને તેમાં ચમત્કારો સાથે ખેલ પણ જોવા મળે છે.

"વેશ એટલે નાના અંક યા દ્રશ્ય જેવું નાનું નાટકનું રૂપ"

મધ્યકાળમાં એકમાત્ર મનોરંજનનું સાધન બની રહેલું ભવાઈ એ લોકજીવનનું અંગ બની ગયું હતું. નાટય તેમાંય વળી પાછી ગ્રામ્યતા- અશ્લિલતા પ્રવેશી અને હલકું હળવું મનોરંજન બની ગયું. તેણે આધુનિક નાટયમાંય ઉપયોગી તત્વો દાખવ્યા છે. ઉત્તર ગુજરાતમાંથી ઉત્તમ નટ ભવાઈએ આપ્યા છે. જયશંકર સુંદરી, પ્રાણસુખ નાયક જેવા ભવાઈની સંસ્થાએ પેદા કરે છે. ભવાઇના લય, હાસ્ય, કટાક્ષ, ગીત, નૃત્ય આજે પણ ખૂબ જ મહત્વના રહ્યા છે.

ભવાઈ આનર્ત નામે ઓળખાતા ઉત્તર ગુજરાતનું કલા સ્વરૂપ છે. મારવાડ સાથે પણ એ સંકળાયેલ છે. આથી મારુ ગુર્જર ભાષાનું પણ સ્વરૂપ એમાં ભળેલું છે. ભૂંગળ નું વાદ્ય ભવાઈનું એક વિશિષ્ટ વાદ્ય છે. ભવાઈ નાટ્યપ્રયોગ પણ છે, જે ગેય કલાનો પ્રયોગ છે. ભવાઈમાં ઘણું ખરું સાહિત્ય તત્વ પડેલું છે. જે પાત્રો સ્થાનિક કથા વસ્તુ દ્વારા જે સંવાદોથી ભાષા પ્રયોજે છે તે હલકા સાથે કવિતાની જેમ ગાતા જાય છે. જે ભાષાના વિશિષ્ટ રૂઢિપ્રયોગો અને કહેવતો ને અસ્ખલિત વાણીમાં તે હળવેથી જ સહજ રીતે ગતિમાન થઈ હલનચલન સાથે પ્રવાહને વહાવી લોકોના આકર્ષણનું કેન્દ્ર બને છે. આ. 'ભવાઈ ' મોટેભાગે ગામડામાં જ ભજવવામાં આવતો લોકરંજક કલા પ્રકાર છે.

ભવાઇ' દ્વારા સામાજીક સંદેશાનો પ્રચાર-પ્રસાર કરવામાં આવે છે. ભવાઈને નાના બાળકોને સારા સંસ્કારો નું સિંચન અને સોશિયલ મીડિયાથી દૂર રહેવાનું એક અગત્યનું માધ્યમ સ્વરૂપે જોઈ શકાય છે. આજે પણ જો ભવાઈ લોક નાટય પ્રોગ્રામ જો સ્કુલ, કૉલેજ અથવા ગામે ગામ જો ભજવવામાં આવે તો બાળકો મોબાઇલ નો જે વધુ પડતો ઉપયોગ કરી રહ્યા છે એનાથી બાળકો ખોટે રસ્તે જતાં અટકી જશે.એમાં ગણો બધો ભવાઈ નાટક નો વધુ મહત્વ ઉપયોગ દરેક ક્ષેત્રે કાર્યરત નીવડશે.જેમકે અન્યાય, સ્ત્રીનો દરજ્જો, સામાજીક અસમાનતા અને જાતિવાદ જેવા પ્રશ્નોની રજૂઆત 'ભવાઇ' દ્વારા કરાય છે અને તેના નિરાકરણ માટેનું શિક્ષણ પણ અપાય છે. સામાજીક જાગૃતિ અને સામાજીક શિક્ષણનો વ્યાપ ભવાઇ દ્વારા સમાજ જીવનમાં ફેલાવવામાં આવે છે. ભવાઇ મંડળમાંના સભ્ય-કલાકારોના પ્રમુખને 'નાયક' તરીકે ઓળખવામાં આવે છે. તેમાં નાટ્ય અનુરૂપ સંવાદો, સંગીત અને દેખાવ માટે માર્ગદર્શન આપે છે. 'ભવાઇ' ના સંવાદોનું સંપાદન કરાતું નથી.'કલાકારો પ્રસંગ અનુરૂપ સ્વયં સંવાદો બોલે છે. સંવાદની સાથે તેઓ નૃત્યમય શૈલીમાં અભિનય કરે છે. 'ભવાઇ' માં મુખ્ય પાત્રને 'રંગલો' કહેવામાં આવે છે.

ગુજરાતની પરંપરાગત નાટ્ય સંસ્કૃતિમાં 'ભવાઇ' નાટ્ય સ્વરૂપ ગુજરાતના સંગીત અને નાટ્ય પરંપરાને જીવંત રાખે છે.

દરેક ક્ષેત્રોમાં બહુવિધ કલા-સંસ્કૃતી ધરાવતા ગુજરાતમાં સિદ્દી નૃત્ય, પઢાર નૃત્ય, ડાંગી નૃત્ય અને અન્ય સ્થાનિક ગ્રામીણ નૃત્યો ઉત્સવોની ઉજવણીમાં કરાય છે.

'સનેડો' ગુજરાતના પાટણ પ્રદેશનું નાટ્ય-ગાન રૂપ છે. છતાં ગુજરાતના અન્ય પ્રદેશોમાં પણ તેનો વ્યાપ થયો. પ્રણય પ્રસંગો તેમજ અન્ય કથાવસ્તુને વણી લેતો ' સનેડો ' તેના રાગ-લય અને કોરસ દ્વારા ખૂબ જ લોકપ્રિય બન્યો છે અને નવરાત્રિમાં અને પ્રસંગોમાં પણ ' સનેડો 'આજે લોકપ્રિય બની ગયો છે.

ગુજરાત ગુજરાતી ફિલ્મો અને નાટકો માટે જાણીતું છે. ગુજરાતના સ્ટેજનો વિશ્વભરમાં નામના મેળવી રહ્યાં છે. ગુજરાતી કલાકારો દિવસે ને દિવસે નવી ઉંચાઇ પ્રાપ્ત કરી રહ્યાં છે.

ગુજરાત રાજ્ય સંગીત અને નાટક એકેડેમી ગુજરાતી કલાકારોને પ્રોત્સાહિત કરીને તેમને આગળ લાવવાનો પ્રયાસ કરી રહી છે.

સંસ્કૃત નાટકો પ્રાચીન ભારતમાં ખૂબ જ પ્રખ્યાત હતાં. ગુજરાત પણ ફરીથી નવા સમયમાં સંસ્કૃત નાટકો ભજવા જઇ રહ્યું છે.

ભવાઈમાં સાંપ્રત પરિસ્થિતિ, લોકોની નબળાઈઓ તો ક્યારેક સમાજ જીવનના વિધ વિધ પ્રશ્નોએ તમામે તમામ ને માર્મિક રીતે કટાક્ષ યુક્ત નિરૂપે છે. તેથી ભવાઈના પાત્રો જીવનની નરી વાસ્તવિકતાના ધબકાર પ્રગટાવે છે. સામે પ્રેક્ષકગણ તેને સહજતાથી હસતા હસતા

સ્વીકારી માણે છે. આજે પણ વ્યવસાય બનાવી દેતા ધંધાદારી ભવાઈઓ ભવાઈની ભજવણી કરે છે. તેની સાથો સાથ ફક્ત તે શક્તિ ભક્તિના અંશ રૂપ ગણાતા ભાદરવા મહિનામાં જ અચૂક રીતે માણે છે. ભવાઈ રમે છે. આજના સમયમાં ભજવાતા શેરી નાટકો સાથે મળતો આવતો આ પ્રકાર વર્તમાન સમયમાં ઘણા કારણોસર એક વખતના આ લોકપ્રિય કલાસ્વરૂપ પ્રત્યે માણસો ને રુચિ હવે ઘટતી ગઈ છે.આજના આધુનિક સમયમાં મોબાઈલ, સોશ્યલ મીડિયા ની નવી નવી એપ્લિકેશન્સ દ્વારા આજનો માણસ ઓછું વિચારતો થઇ ગયો છે. અને આમને આમ માણસ ની નાટક પ્રત્યે ભાવ ઓછો થઈ ગયો છે.

ભવાઈમાં જે બોલતા જતાં સંવાદો જે અશ્લીલ ભાષામાં વપરાતાં રુચિ હવે ઘટતી જાય છે અને ભાષા પ્રયોગમાં સુધાર જરૂરી બની જાય છે. અશ્લીલ ભાષા પ્રયોગથી ભજવણી ભવાઈને ભજવતા લોકોને નીચી ઉતરતી કક્ષાના લોકો માને છે. તેને બદલે એક નવું તાજગીભર્યું સ્વરુપ બને એ સ્વરૂપને એનો કોઈ નવો અસાઈત મળે તો ગુજરાતનું આ લોકનાત્ય ફરીથી સજીવન થાય તેને જીવનદાન મળે. આધુનિક સમયમાં 'મેના ગુર્જરી ', 'હો-હોલિકા ', વગેરે નાટય પ્રયોગોમાં ભવાઈના કલા સ્વરૂપનો સમાન સમન્વય થયો છે. જેથી નાટય સ્વરૂપને જ લાભ થયો છે. નવા પ્રયોગશીલ સર્જકોના હાથે ભલે અલ્પ પ્રમાણમાં પણ તેનાં પ્રયોગો થતાં રહે છે.

આમ, ભવાઈના પિતા અસાઈત ઠાકરે અલગ અલગ પ્રકારના કથાનકોથી ભવાઈના સ્વરૂપોની રચના કરેલી. જેમાં ધાર્મિકતા,સામાજિક, ઐતિહાસિક અને પૌરાણિકતાના પ્રકારો જોવા મળે છે. જેમાં ચિંતનની સાથે સાથે બોધપાઠ પણ જોવા મળે છે.

**સંદર્ભસૂચિ :-**

- ગુજરાતી સાહિત્યનો ઈતિહાસ

- (મધ્યયુગ તથા અર્વાચીન સુધારકયુગ) શ્રી. આ.  ૨૦૨૦.

**લેખક** :- પ્રિ-  ડૉ. બહેચરભાઈ પટેલ

પ્રિ-  ડૉ. ઈન્દુ પ્રસાદ જે ભટ્ટ

પ્રિ-  ડૉ. એમ. આઈ. પટેલ

(યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.અમદાવાદ)

-મધ્યકાલીનગુજરાતી સાહિત્યનો ઈતિહાસડૉ. રમેશ એમ ત્રિવેદી,૨૦૨૨.

- http://gu.wikipedia.org.>wiki

-www.sahituasetu.co.in